R.N.I. No. : 11555 / 1957
Price Rs. 1/- ☆ Vol No. 69
Issue No. 3

# જ્યોતિપુંજ

Jyoti Punj

JUNE - 2025
Total : 44 Pages



## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## અમૃત મહોત્સવ

૭૫ મા વર્ષની ઉજવણીનો યાદગાર અહેવાલ

પાના નંબર - ૧૯

legrand®
LIVE THE ADVANTAGE

AUTHORISED DISTRIBUTORE STOCKIST
matchwell ELECTRIC COMPANY

COMPLETE PRODUCT RANGE – DEPENDABLE HOUSE

WHY LEGRAND AT MATCHWELL

INQUIRE TURNOVER SCHEME & DISCOUNT POLICY.
ELECTRICIAN INSURANCE SCHEME & WARRANTY POLICY

## legrand® Product Brands

| | |
|---|---|
| ARTEOR™ | DRX™ MCCB |
| MYRIUS™ | DX³ MCB |
| MYLINC™ | LCS² |
| BRITZY | DLP |
| RX³ MCB-RCCB | EKINOXE™ DB |
| DPX³ MCCB | RETAIL DB |

Why 1st Choice ?

* Energy Distribution upto 6300A
* Voice Data Images
* Control and Command
* Active International Presence.
* World leader in wiring Devices and Cable Management
* Product Design – A lever in differentiation-Continuation Innovation

AVAILABLE UNDER ONE ROOF - matchwell legrand®

# MATCHWELL ELECTRIC COMPANY

**ADMINISTATIVE SHOP** : Gr. Floor, 'C' BHANGWADI, KALBADEVI ROAD, MUMBAI - 400 002.
PHONE : 66336766/ 22080067/ 22063916. TALLKFREE :- 022-39567272 /373
E-mail :matchwellelectric@gmail.com / finenatch@hotmail.com

**DISPLAY/GODOWN** : GR.FLR, HALAI BHATIA MAHAJAN WADI,KALBDEVI MAIN ROAD ,MUMBAI – 400 002
PHONE : 022-46051141 / **Kirit Dharia - 9820088069, (PRATIMA - 9820152644)**
E-mail : tapesindustrial@yahoo.co.in ; Web www.matchwellelectric.com
**SANJIV DHARIA – 8850964343/9820131333, (PARUL - 932033133)**

*Authorised Distributors Stockist :*

legrand® BCH LUKER (J.V. LUKER - USA) steelgrip PVC ELECTRICAL INSULATION TAPE
Pidilite WD-40 M-seal® KERAKOLL ADHESIVES WONDER TAPES

# જ્યોતિ પુંજ


**વર્ષ** **અંક** **તારીખ**

૬૯ ૩ ૨૧-૬-૨૦૨૫

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી) (જુનાગઢવાળા)

જતીન દેસાઈ / પ્રશાંત પરીખ /તુષાર કડકીઆ

નિમીષા જી. કડકીઆ / નિલેશ દેસાઈ

**પત્રવ્યવહારનું સરનામું**

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**

ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી, નિરવ મેન્શન,

બીજે માળે, ભાંગવાડી, કાલબાદેવી રોડ,

મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન : ૯૮૨૦૪૩૪૩૨૨

DDD

**મંત્રી : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

૪૦૩, અનુરાગ બિલ્ડીંગ, ૯ બાણગંગા ક્રોસ લેન, વાલકેશ્વર

મુંબઈ - ૪૦૦૦૦૬ (મો.) : ૯૮૨૧૧૧૦૭૪૭

DDD

**: સંસ્થાનું રજીસ્ટર્ડ સરનામું :**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪.

DDD

**: સંસ્થાનું વહીવટનું સરનામું:**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**

વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી. પોલીસ

સ્ટેશનની સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૪

**ફોન / વોટસ્ એપ નંબર :** ૯૯૩૦૩૯૯૧૦૦

**Email Id : bnssangh@gmail.com**

**: સમય :**

સોમવાર થી શુક્રવાર બપોરે ૩.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક

શનિવાર બપોરે ૧૨.૩૦ થી સાંજે ૬.૦૦ કલાક

DDD

Visit us at www.balasinor.in


## શ્રીનાથજીબાવાની આરતીની જાણકારી

**- તુષાર મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા)**

**તંત્રી મંડળ તરફથી**

### આરતી.... આરતી..... આરતી

પ્રત્યક્ષ પરબ્રહ્મ શ્રીનાથજીબાવાની સેવાના પરિપ્રેક્ષ્યમાં એક પ્રસંગ....

એક વખત બાદશાહ અકબરે વલ્લભાચાર્ય શ્રી મહાપ્રભુજીનેબૂમ પાડી કહ્યું,‘ અરે, પ્રભુજી દેખો દેખો તુમરો લલ્લન તો લાલ લાલ લગતો હૈ, વો તો શામલો હૈ ! કૈસે લાલ ભયો ?’ ત્યારે મહાપ્રભુજીએ શ્રીનાથજીબાવાના હાથ પર પોતાનો હાથ પસવાર્યો તો મૂર્તિ ગરમ ગરમ લાગી! એમના મોઢામાંથી શબ્દો સરી પડયા ‘અરે મેરે લલ્લન, તેરે કો તો નજર લગયો હૈ, મેરેકો તેરો નજર ઊતારનો પડેગો.’ આ સત્યઘટનામાં ક્યાંય અતિશયોક્તિ નથી.

મહાપ્રભુજી ત્યાર પછી હાથમાં ચાર દિવેટ પ્રગટાવી સાથે એક દોરો રાખી શ્રીનાથજીબાવાના સમગ્ર સ્વરૂપને ઉપરથી નીચે તરફ આરતીની જેમ ચાર વખત ઊતારતા, આ રીતે નજર દીવામાં બળી જાય, પછી હાથમાં રાખેલો દોરો શ્રીનાથજીબાવાના કાંડા પર અને ભૂજા પર બાંધી દેતા. જેથી ગમે તેટલા ભક્તો તેમના દર્શન કરે, તેમને ધારી ધારી નિરખે, નેત્રોમાં નજર માંડી ભાવ વિભોર થઈ જાય, તો પણ શ્રીજીને ભક્તોની મીઠી નજર ના લાગે.

પુષ્ટિમાર્ગી વૈષ્ણવોને એ ખબર હશે કે શ્રીનાથજીમાં આરતી ઊતાર્યા પછી ‘આશકા’ નથી લેવાતી. કારણ કે એ આરતી નહીં પણ શ્રીનાથજીની ઊતારેલી નજર છે. ‘આશકા’ એટલે આરતી ઊતાર્યા પછી થાળી કે આરતીમાં દર્શનાથીઓ પૈસા મૂકી દીવા પર હાથ ફેરવી માથે અને આંખે લગાડે એને ‘આશકા’ કહેવાય.

દીપ પ્રાગટયની વિધી શાસ્ત્રોમાં છે, કયા ખૂણામાં, કેવી દિવેટ રાખવી, કઈ દિશામાં રાખવી વગેરે છે. આરતીની વિધી ક્યાંય નથી. અત્યારે જે આરતી કહેવાય છે એ તો શ્રી મહાપ્રભુજી દ્વારા શરૂ કરાયેલી નજર ઊતારવાની વિધી કે પ્રક્રિયા હતી અને તેઓ મુખાર્વિંદ, નાભિ, ચરણ કમળ અને સમગ્ર સ્વરૂપના ચાર આંટા જ ફેરવતા હતા.

આ વિધીએ આરતીનું સ્વરૂપ લીધું. એમાં ચાર આંટા

# YOGA BY BANKIM PARIKH

## ONLINE YOGA SESSIONS

### CONNECT WITH YOUR SOUL



p Pranayam
p Aasanas
p Power Yoga
p Surya Namaskar
p Stretching
p Other Kriyas
p Meditation
p Relaxation & Shavasan
p Knowledge Sharing

**Batch 1** : Mon to Fri - 7 am to 8 am

**Bankim : 9820434322**

**RELEASE YOUR MIND AND BODY**

**Blessings**

Mother : Hasumati Rajnikant Parikh
Father : Rajnikant Ramanlal Parikh
Guruji : Shri Narendra Brahmacharijee

દેવના મુખાર્વિંદ ઉપર ફેરવાય, એક નાભિ ઉપર, ત્રણ આંટા ચરણ કમળ ઉપર અને સાત આંટા મસ્તકથી લઈ ચરણ કમળ ઉપર ઊતારવાના. આમ ૪+૧+૩+૭=૧૫ આંટા ફેરવાય પછી એ નજર ઊતારેલી આરતી કે થાળી બાજુમાં મૂકી દેવાય. આ રીતે નજર ઊતારવાની પ્રક્રિયાએ ધીમે ધીમે આરતીનું સ્વરૂપ લઈ લીધું.

વૈષ્ણવોની જાણ માટે, કે આ નજર કે આરતી એટલી ધીમી ગતિથી ઊતારવાની હોય છે કે વધારે પડતી ગતિના કારણે શ્રીનાથજીબાવાની કે કોઈપણ દેવની આંખ ખેંચાય નહીં. શ્રીનાથજી તો પ્રત્યક્ષ પરબ્રહ્મ છે જ પરંતુ જે દેવી કે દેવતાની પ્રાણ પ્રતિષ્ઠા થયેલી હોય તેમની જ આરતી ઊતારવાની હોય છે.

શ્રીનાથજીબાવા નાથદ્વારામાં વિ.સં. ૧૭૨૮ થી બિરાજે છે. જેમની સેવા શ્રી મહાપ્રભુજી જે રીતે કરતા તે જ રીતે અને તે સમય પ્રમાણે આજે પણ થાય છે. જેમ કે....

મંગળા આરતી સવારે ૫ કલાકે. જેમાં શ્રીનાથજીબાવાએ કટિ વસ્ત્ર જ પહેર્યું હોય છે. મંગળા સમયે સો (૧૦૦) પાનનું એક બીડુ થાય એવું મોટું બીડુ જેમાં બનારસનો સ્પેશ્યલ મુખવાસ, કેસર, ઈલાયચી, કસ્તુરી, સુવર્ણ વરખ વગેરે નાખીને બનાવે છે. ઉપરાંત શિયાળાની ઠંડીમાં રોજ સૌભાગ્ય સૂંઠ પણ ધરાવવામાં આવે છે.

૭ થી ૭.૩૦ શણગારનો સમય છે. આમાં જે વાઘા પહેરાવાય છે તે એક જ વખત માટે પહેરાવે છે. તે રિપીટ થતા નથી. શ્રીનાથજીના નેત્રોના અંજન માટે સોનાની ઘંટીમાં મોતી, બરાસ વગેરે દળી સૂરમો બનાવી તેનું સોનાની સળીથી અંજન થાય છે. આ મોતી જયપુરના મહારાજ તરફથી જ આવે છે. ઉપરાંત ધનકોષમાંથી શ્રીનાથજીના અલંકારો જ્યારે પણ કાઢે તેની રજીસ્ટરમાં નોંધ થાય, પછી જ પહેરાવાય છે. આ અલંકારો સાંજે ૪ વાગે ધનકોષમાં પાછા મૂકાય તેની પણ એન્ટ્રી થાય છે.

સવારે ૯ થી ૯.૩૦ ગ્વાલના દર્શન. જેમાં શ્રીનાથજી એમના ગોપબાળ સાથે રમવા જાય છે તેનો મહિમા છે.

૧૧ થી ૧૨ રાજભોગના દર્શન જેમાં બત્રીસ જાતના તેજાનાની વાનગી, મિશ્રીના લાડુ, દૂધ, સાકર, મેવો વગેરે ૫૬ પ્રકારના પકવાન ધરાવાય છે. આ ભોગમાં જે કસ્તુરી ધરાવાય છે તે આજે પણ જયપુરના મહારાજા તરફથી આવે છે.

શ્રીનાથજીબાવા અને એકલીંગજી મહારાજ બંને એક જ થાળ અને સાથે જ જમે છે. શ્રીનાથજીમાં રાજભોગ સમયે એકલીંગજી મહારાજ પધારીયો એમ ત્રણ વખત આહ્‌વાન કરાય છે. એ જ રીતે એકલીંગજીમાં શ્રીનાથજીબાવા પધારીયે એવું મોટેથી બોલીને ત્રણ વખત આહ્‌વાન કરાય છે.

એકલીંગજી મહારાજ એ મહાદેવનું સ્વરૂપ છે. જેમની પૂજા વૈષ્ણવ સંપ્રદાય પ્રમાણે જ કરવામાં આવે છે. જેમ શ્રીનાથજીમાં ૫ વખત પૂજા છે. જે પૂજા માટેનું પાણી પરિસરના કૂવાનું ઉપયોગમાં લેવાય છે એ જ રીતે એકલીંગજીમાં પણ ૫ વખત જે અભિષેક કરાય તે માટે મહાદેવના પરિસરમાં જે વાવ છે તેના જ પાણીનો ઉપયોગ થાય છે. ઉદયપુરના મહારાજા આ મહાદેવની પૂજા દર સોમવારે ૧૦ થી ૧૨ વાગે કરે છે. તે સમયે બીજા કોઈને દર્શન માટે રજા નથી.

બપોરે ૩.૩૦ વાગે છેલ્લી શયન આરતી થાય છે. શ્રીનાથજીબાવાએ મેવાડ ઘરાનાની દીકરી સાથે શરત કર્યા મુજબ સાંજના ૪ વાગ્યાથી સવારના ૫ વાગ્યા સુધી શ્રીનાથજીબાવા વૃંદાવનના જતીપુરામાં રોકાણ કરે છે.

**શ્રી ગિરીરાજ ધરણકી જય**
**શ્રી વલ્લભાધીશકી જય**
**શ્રી ગુંસાઈજી પરમદયાલકી જય**
**જય શ્રીકૃષ્ણ જય શ્રી રાધે**

## કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓનું સમૂહ ભોજન

કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓનું સમૂહ ભોજન તા. ૩૧-૦૮-૨૦૨૫ ના રવિવારના રોજ રાખેલ છે.

કાંદિવલીમાં વસતા તમામ બાલાસિનોર-વાસીઓને **સવારે ૧૧.૩૦ કલાકે** સમૂહ ભોજન માટે નીચેના સ્થળે પધારવા વિનંતી છે.

**સ્થળ :** અડુકીયા સ્કૂલ ગ્રાઉન્ડ, રામગલી, શાંતિલાલ મોદી રોડ, આઈસીઆઈસીઆઈ બેંકની સામે, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭

**નોંધ :** કાંદિવલીમાં વસતા તથા નવા રહેવા આવેલ સર્વેને સમૂહ ભોજનમાં પધારવા વિનંતી છે.

**લિ. કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓ**

II Shree Ganeshay Namah II

SERVING SINCE 1989

# TRADE LINK

RIGHT PLACE. RIGHT CONNECTION.

Authorised Channel Partner : AJMERA, CONNECTWELL, COMPAQ, HENSEL & HPL

**AJMERA**
Marine Lights & Switchgears, Junction Boxes, Industrial Switchgears.

**HENSEL**
PASSION FOR POWER
Junction Boxes (IP 55/65/66/67/68), Mcb Boxes, Street Light Pole Boxes, Cable Drums, Glands.

**connectwell**
The Right Connection
Connectors and terminal blocks
Relay interface module

**PCE**
Plugs and sockets, couplers, switched wall socket with interlocking

**COMPAQ**
CONNECTING POWER
Cable Jointing Kit & Termination Kit.

**HPL**
Onload Changeover Switch, ATS, MCCB, MCB, RCCB, Contactors, ACB, Switch Disconnector Fuse Energy Meters.

H.O. : 301, 3rd Floor, Ajmera Midtown, Ramdas Building CHSL, Popatwadi Corner, Kalbadevi Road, Mumbai - 400002.
Warehouse : 21-B, 1st Floor, Sardar Griha Bldg., 198, Lokmanya Tilak Marg, (33 Lohar Chawl), Mumbai - 400 002.
Phone : 022 3194 9901 **Mob.:** +91 79779 11412 / 98211 15849
E-mail : tradelink1967@gmail.com, tradelink_90@yahoo.co.in

Website : www.tradelinkindia.net

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંચાલિત

**શ્રીમતી મણીબેન રમણલાલ મોદી (ભટ્ટી) પુસ્તક યોજના**

**શ્રીમતી નૂતનબેન અક્ષયભાઈ પરીખ (બખલી) (ધોરણ ૧૧ થી ગ્રેજ્યુએશન પુસ્તક યોજના)**

**શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી) અને પરિવાર (પોસ્ટ ગ્રેજ્યુએશન પુસ્તક યોજના)**

**શ્રી મનોજભાઈ પ્રવિણચંદ્ર કચેરીઆ (મેડિકલ, એન્જીનીયરીંગ પુસ્તક યોજના)**

**માતુશ્રી મણીબેન તથા પિતા વલ્લભદાસ ગરબડદાસ ગાંધી (પ્રોફેશનલ પુસ્તક યોજના)**

## અભ્યાસ માટે પુસ્તકો લેવા બાબત

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના નેજા હેઠળ ચાલતી પુસ્તક યોજનામાં લાભ લેવા સર્વ વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓને નમ્ર વિનંતી. જે કોઈ વિદ્યાર્થી ભાઈ– બહેન સંસ્થાના નીતિ નિયમો મુજબ પુસ્તકો લેવા માંગતા હોય તો ચાલુ વર્ષે ધોરણ ૧ થી ૧૨, ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન, પ્રોફેશનલ કોર્સીસ, મેડીકલ, એન્જીનીયરીંગ તથા સરકાર માન્ય અન્ય પ્રકારના કોર્સ માટે પણ સર્વ માન્ય પુસ્તકો અભ્યાસ માટે અપાશે.

## ગત વર્ષના પુસ્તકો પાછા આપવા બાબત

શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે શાળા, કોલેજો અન્ય પ્રકારના કોર્સ માટે જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેન અભ્યાસક્રમ માટેના પુસ્તકો સંસ્થા સંચાલિત ઉપર્યુક્ત યોજના હેઠળ લઈ ગયા હોય તેમણે આ પુસ્તકો પરીક્ષા પૂર્ણ થયા બાદ વહેલામાં વહેલી તકે સંસ્થાની ઓફિસમાં પાછા આપી જવા નમ્ર વિનંતી.

## પુસ્તકો ભેટ આપવા નમ્ર વિનંતી

સર્વ પ્રકારના અભ્યાસક્રમમાં ચાલુ હોય તેવા ઉપયોગી પુસ્તકો સંસ્થાને ભેટ આપવા માટે નમ્ર વિનંતી. તમારી પાસે પુસ્તકો સારી સ્થિતિમાં હોય અને સંસ્થાને ભેટ આપવા ઈચ્છતા હો તો ચોક્કસ સમાજના ઘણા વિદ્યાર્થીઓ માટે તે ઉપયોગી બનશે. આ રીતે વિદ્યાદાન દ્વારા સમાજના બાળકો શિક્ષણ તેમજ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકશે.

## પુસ્તકોનું વિતરણ સંસ્થાની ઓફિસેથી કરવામાં આવશે.

**સમય : દર રવિવારે સવારે ૯.૩૦ કલાક થી ૧૧ કલાક**

**સ્થળ : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ, વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, ગીરગામ, સિક્કા નગર, મુંબઈ - ૪**

**પુસ્તક માટે કોઈપણ પ્રકારની પૂછપરછ કરવી હોય કે વધુ વિગતો જોઈતી હોય તો સંયોજક જગદીશ પરીખ (મોબાઈલ - ૯૮૨૧૪૧૮૩૪૧) નો સંપર્ક કરવો.**

**મંત્રી**
**અલ્પેશ ધારીઆ**

**સંયોજક**
**જગદીશ પરીખ**

# Crescent Electricals

**Specialist In : ANALOG & DIGITAL MEASURING INSTRUMENTS, PROCESS INSTRUMENTS, UPS & INVERTORS.**

## AUTHORISED DEALER OF

**MULTISPAN**
- Digital Temp Controller
- Digital Timers
- Digital Counters
- Process Indicator
- Jumbo Display
- Signal Isolator

**NIPPEN®** Reliable Performance
- Digital Multi Function Meter
- Analog Meter
- Meggar / Earth Tester
- CT'S
- APFC Relay

**KAYCEE KI**
- Rotary Cam Switches
- Micro Switches
- Counter Meter
- Hour Meter
- Toggle Switches

**select**
Rotary, Cam, Toggle, Micro Switches

**SENTRI**
Single Phase & Three Phase Stabilizer & Transformer

**Elent**
CVT / UPS

**minilec®**
- Protection Relays
- Water Level Controller
- Window Annunciators

**AARYAN**
A P F C RELAY

**recom®**
Rotary, Cam Switches Toggle & Micro Switches

**FLUKE** **MECO®** SINCE 1962
- Multi Meter / Clamp Meter
- Tacho Meter
- LUX Meter

**PARAGON** Digital Temp. Controller, Timer
**I-THERM** Digital Temp. Controller, Timer
**WACO** Insulation Tester, Digital Earth Tester
**MICROTEK** Invertor and Online UPS
**PROTON** Timer / Window Annunciators
**NRG** Current Transformer
**TAIE** PID Controller


Ground Floor, Shop No. 4, Botawala Building, Behind Bank of India, 475, Kalbadevi Road, Mumbai - 400 002.
Tel. (O) : 2206 5992 / 69333345 / 98215 44950 | Email : crescentelectricals81@gmail.com

# PRABHAT CABLES PVT. LTD.

**HEAD OFFICE : MUMBAI**

**BRANCHES :**
**RAIPUR • BHUBANESWAR • KALABURAGI • HUBBALLI • BENGALURU • GUWAHATI**

**HEAD OFFICE :**
33, Pathak Wadi, Ismail Building, 1st Floor, Lohar Chawl,
Mumbai - 400 002, Maharashtra, India.
Tel.: +91 22 4922 4200 / 2208 5153
Email : prabhatcables@gmail.com / info@prabhatcables.com
Website : www.prabhatcables.com




nipa
Nipa Commercial Corporation
application base solutions
55 years
WATER PUMPS
CHEMICAL PUMPS
MOTORS & GEAR
GENERATORS
CONSTRUCTION MACHINES
CLEANING EQUIPMENT
GARAGE EQUIPMENTS
GARDEN MACHINES
WELDING MACHINE
WORKSHOP MACHINES
MATERIAL HANDLING
PNEUMATIC TOOLS
Crompton
Bharat Bijlee
STIHL
KÄRCHER
HONDA
penta
HAVELLS
SAROVER POWER PRODUCTS
SHOWROOM: Plot No. 105/24, Janta Market Turbhe, Navi Mumbai 400 705.
MOB.: 98201 30161 I 9930131001 • E-mail.: info@nipa.asia I BRANCHES: ANDHERI & KALBADEVI

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રીમતી શાંતાબેન કાંતિલાલ લાલચંદ દોશી તથા
## શ્રીમતી મૃદુલાબેન રમેશચંદ્ર ધારીઆ (શહેરાવાળા) પુરસ્કૃત

# મહિલા વિભાગ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત મહિલા વિભાગ તરફથી વર્ષ ૨૦૨૫ - ૨૦૨૬ નો પ્રથમ કાર્યક્રમ 'અંતાક્ષરી' શનિવાર, તા. ૫-૪-૨૦૨૫ના રોજ શારદા મંદિર સ્કૂલ (લોઢા હોલ) ખાતે બપોરે ૩.૦૦ કલાકે રજૂ કરવામાં આવ્યો હતો.

આવનાર સર્વ બહેનોનું ચ્હા-કૉફી અને બિસ્કીટ સાથે ઉષ્માપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. ચ્હા-કૉફીની સંગત સાથે સર્વ બહેનોએ એકબીજાના ખબર અંતર પૂછીને સભાગૃહમાં પ્રવેશ કર્યો હતો. સભાગૃહની બહારનો Entrance ફૂલોની રંગોળી અને દીવાથી સરસ રીતે શણગારવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શુભ શરૂઆત મહિલા વિભાગની કમિટીના બહેનોએ મંગલાચરણની સાથે કરી હતી.

આપણને 'અંતાક્ષરી' માં રસતરબોળ કરવા શ્રી કુલરાજભાઈ પોતાના બે સિંગર અને ત્રણ સંગીતકાર સાથે ખૂબ જ સરસ રીતે જમાવટ કરી હતી અને તેઓએ ખૂબ જ સુંદર રીતે સર્વે બહેનોને 'અંતાક્ષરી' રમાડી હતી.

આ વર્ષના પ્રથમ કાર્યક્રમ 'અંતાક્ષરી'ના મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી જયશ્રીબેન વ્રજેશભાઈ દેસાઈ તરફથી અમૂલ્ય સાથ સહકાર મળ્યો હતો. તેઓના યોગદાનથી આપણે આ કાર્યક્રમ ખૂબ જ આનંદપૂર્વક અને મોજ મસ્તી સાથે માણી શક્યા હતાં. મહિલા વિભાગ તરફથી તેઓનું બહુમાન સભાગૃહના સ્ટેજ ઉપર ફૂલોનું બુકે આપીને કરવામાં આવ્યું હતું.

અગાઉથી જણાવ્યા અનુસાર આપણે ૧૩ બહેનોનું એક ગ્રુપ એવા ટોટલ ૧૬ ગ્રુપ બનાવ્યાં હતાં. આપણે આ ૧૬ ગ્રુપને ૧૬ પાર્શ્વગાઈકાઓના યોગદાનને લક્ષમાં રાખીને દરેક ગ્રુપને અલગ અલગ નામ આપીને કરવામાં આવ્યું હતું. આ ૧૬ ગ્રુપમાંથી ચાર-ચાર ગ્રુપને ૪ રાઉન્ડ સ્ટેજ ઉપર બોલાવીને અંતાક્ષરી રમાડવામાં આવી હતી. આ ૪ રાઉન્ડમાંની દરેક વિજેતા ગ્રુપની ટીમને લઈને છેલ્લે એક ફાઈનલ રાઉન્ડ રમાડવામાં આવ્યો હતો. ફાઈનલ રાઉન્ડમાં આવેલ દરેક ગ્રુપને અંતાક્ષરી રમાડીને તેમનાં પરફોર્મન્સના આધારે પહેલું, બીજું, ત્રીજું અને ચોથું એમ ચાર ઈનામ આપવામાં આવ્યા હતા.

આ અંતાક્ષરીના વિજેતાઓના નામ ગ્રુપ સાથે ક્રમ અનુસાર નીચે જણાવવામાં આવેલ છે.

**પહેલું ઈનામ : નેહા કક્કર ગ્રુપ ને મળ્યું હતું.**

**વિજેતા :** અમી ધારીઆ, પ્રીતિ ધારીઆ, પ્રીતિ પરીખ, નીતા ધારીઆ, પ્રતિક્ષા ગાંધી, સોનલ પરીખ, રીમા પંચમતીયા, તૃપ્તિ ગાંધી, દીપ્તિ મોદી, ડિમ્પલ કડકીઆ, સેજલ પરીખ, કનક પરીખ રહ્યાં હતાં.

**બીજું ઈનામ : નીતિ મોહન ગ્રુપને મળ્યું હતું.**

**વિજેતા :** હેતલ પરીખ, સેજલ કડકીઆ, રીંકુ પરીખ, પાયલ પરીખ, રચના શાહ, સ્વીટી મોદી, પ્રતિક શ્રોફ, કવિતા મોદી, બીજલ પરીખ, નીલા કડકીઆ, બીનીતા ધારીઆ, પાયલ ધારીઆ, નિશા ધારીઆ રહ્યાં હતાં.


V.B.R. ELECT. & ENGG. CO.
Ground Floor Inside, 27/33, Ismail Building, Pathak Wadi, Lohar Chawl, Mumbai - 400002
Tel.: 2208 7739 • TF : *7724 • Mob. : 98192 17375 • 79774 73064
Email : shivamkadakia71@gmail.com
AUTHORISED DISTRIBUTORS
Use 'APAR ANUSHAKTI' E-BEAM enriched PREMIUM House Wire to avoid FIRE, Heat Resistance upto 105°C temperature.
APAR
Tomorrow's solutions today
FSAI
Fire & Security Association of India
L&T Electrical & Automation
enGem
entice
englaze
ORIS
WOODEN METAL & GLASS PLATES FULL RANGE AVAILABLE.
VTPN DB
TPN Double Door
MCB
MCB
RCBO
RCCB
TATA POWER EZ HOME AUTOMATION
WARRANTY : 2 YEARS
5A SWITCH
CONTROLS 2 ELECTRICAL POINTS
16A SWITCH
CONTROLS 1 HIGH LOAD ELECTRICAL POINT
FAN SWITCH & REGULATOR
CONTROLS 1 FAN
PIR MOTION SENSOR
SMART PLUG
CONTROLS APPLIANCES
3 GANG 2 WAY 16A CONVERTOR
CONVERTS 3 CONVENTIONAL SWITCHES TO SMART SWITCHES
KEW
SWITCHGEARS
Upto 200 Amps
Switch Fuse
Upto 600 Amps
Fuse Switch
Upto 1000 Amps
Busbar Chamber
Upto 3150 Amps
Onload Changeover
Upto 630 Amps
ATS

**ત્રીજું ઈનામ : ગીતા દત્ત ગ્રુપને મળ્યું હતું.**

**વિજેતા :** વર્ષા કડકીઆ, સ્મિતા ગાંધી, ચંદ્રા પરીખ, મીના પરીખ, સોનલ મોદી, દેવ્યાની પરીખ, છાયા ધારીઆ, તૃપ્તિ ખંડેરિઆ, શિલ્પા કુલકર્ણી, શેફાલી શાહ, રીટા શેઠ, નયના મોદી રહ્યાં હતાં.

**ચોથું ઈનામ : અનુરાધા પૌડવાલ ગ્રુપને મળ્યું હતું.**

**વિજેતા :** શીતલ મોદી, નિપા ધારીઆ, નિષ્મા શાહ, મિલોની પરીખ, નયના પરીખ, વૈશાલી મોદી, અવની શાહ, હેમા પરીખ, જીજ્ઞા મોદી, રીંકુ શાહ, નિકિતા મોદી, સ્વીટી પરીખ, સોનલ કડકીઆ રહ્યાં હતા.

તેમજ અંતાક્ષરીમાં ભાગ લેનાર સર્વ બહેનોને આશ્વાસન ઈનામ આપીને નવાઝવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમનો આનંદ માણતા સભાગૃહમાં ઉપસ્થિત સર્વે બહેનોએ ખૂબ જ શિસ્તબદ્ધ રીતે અંતાક્ષરીનો લ્હાવો લીધો હતો. તેઓએ પણ વચ્ચે વચ્ચે પોતાના સુર રેલાવીને ઈનામોની રેલમછેલ ઉડાવી હતી.

આ કાર્યક્રમમાં હાજર સર્વ બહેનોએ ખૂબ જ સુંદર રીતે સાથ અને સહકાર આપ્યો હતો. આ માટે મહિલા વિભાગ આપ સૌનો ખૂબ જ આભાર માને છે.

આ કાર્યક્રમને અંતે સર્વે બહેનોને સ્વાદિષ્ટ નાસ્તાના બોક્ષ અને ગિફ્ટ આપીને વિદાય આપવામાં આવી હતી.

## આગામી કાર્યક્રમ નંબર -૨

### 'રાધા કૃષ્ણ વિવાહ ખેલ'

આ રાધા કૃષ્ણ વિવાહ ખેલ કાર્યક્રમ નૃત્ય નાટીકા દ્વારા ભજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમની વિગત નીચે મુજબ છે.

**તારીખ :** **શનિવાર, તા. ૨૬-૭-૨૦૨૫**
**સમય :** **બપોરે ૩.૦૦ કલાકે**
**સ્થળ :** **શારદા વિદ્યા મંદિર સ્કૂલ (લોઢા હોલ)**

આ કાર્યક્રમના પાસની રકમ રૂપિયા ૨૦૦/- રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર બહેનો માટે પાસની રકમ રૂપિયા ૩૦૦/- રાખવામાં આવેલ છે. આ સાથે શનિવાર, તા. ૫-૭-૨૦૨૫ પહેલાં નીચે જણાવેલ કમિટીની કોઈપણ બહેનોને કાર્યક્રમના પાસની રકમ પહોંચતી કરીને, આપ આપનું નામ લખાવી શકો છો. આ ઉપરાંત સંસ્થાની ઓફીસ શ્રી બાલાસિનોર નવયુવક સંઘ, વિલ્સન સ્કૂલ, ડૉ. વિલ્સન સ્ટ્રીટ, વી.પી.રોડ પોલીસ સ્ટેશનની સામે, મુંબઈ - ૪૦૦૦૦૪ માં શનિવાર તા. ૫-૭-૨૦૨૫ ના રોજ બપોરે ૩.૦૦ થી ૪.૦૦ કલાકના સમય દરમ્યાન આવીને આપી શકો છો.

મહિલા વિભાગ દ્વારા આયોજીત દરેક કાર્યક્રમમાં દરેક બહેનોએ પોતાનું વર્ષ ૨૦૨૫-૨૦૨૬ નું મેમ્બરશીપ કાર્ડ સાથે લાવવું ફરજીયાત છે.

**કમિટી મેમ્બર્સના નામ નીચે મુજબ છે.**

| | |
|---|---|
| **તેજશ્રી પરીખ (નવજીવન સોસાયટી)** | **- ૯૮૩૩૮૭૪૫૦૬** |
| **અલ્પા મોદી (તાડદેવ)** | **- ૯૮૧૯૭૦૩૧૩૬** |
| **નિત્તલ પરીખ (ફોરજેટ હિલ)** | **- ૯૭૭૩૫૨૦૦૫૮** |
| **માલવિકા કચેરીઆ (વાલકેશ્વર)** | **- ૯૯૬૯૫૧૭૦૬૧** |
| **રચના શાહ (બોરીવલી)** | **- ૯૩૨૩૩૨૩૯૯૭** |
| **તનુજા શાહ (હાજીઅલી)** | **- ૯૦૨૯૯૦૮૫૪૪** |
| **ડિમ્પલ પરીખ (નાનાચોક)** | **- ૭૦૨૧૧૪૨૬૧૮** |
| **જાસ્મિન ગાંધી (ફોરજેટ હિલ)** | **- ૮૧૬૯૦૦૮૪૯૪** |
| **પ્રીતિ પરીખ (કાંદિવલી)** | **- ૯૮૧૯૬૫૨૧૧૨** |
| **બીના ધારીઆ (અંધેરી)** | **- ૯૮૧૯૯૬૬૬૫૧** |

**મંત્રી - અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

**સંયોજક - તેજશ્રી પ્રશાંત પરીખ - ૯૮૩૩૮૭૪૫૦૬**

# Shah & Shah Enterprise

Reg.Office - 1st Floor, GK Building, 35 Vithaldas Road, Lohar Chawl, Mumbai – 400002.

Sales Office - Ashoka Shopping Center, Office No: 41, 1st Floor, L.T. Marg, Mumbai - 400001.

+91-9819817568 / 9867013920 sales@shahent.co.in www.shahent.co.in

022-49737568 / 022-46198033

## Authorized Stockists:

MERSEN


*Expertise, our source of energy*



SPDs




Midget Fuse links



Solar Pv Fuse



Time Delay Fuse




Bs Semiconductor Fuses

D-Link®

Building Networks for People



Lan Network Cable



Cat 6 Cable



Copper Structure Cabling



Fiber Cabling


CITEL



Wind Turbine




AC Power



Photovoltaic

www.shahent.co.in

| SHREE BALASINOR NAVYUVAK SANGH ORGANISE | | | |
|---|---|---|---|
| SPONSORED BY SMT. SHANTABEN SHANTILAL SHAH ( CHOKSI ) | | | |
| EDUCATION PRIZE ACEDEMY YEAR 2023-24 | | | |
| SR.NO. | NAME | STD II | RANK |
| 1 | KHUSHI RAMDAS BHALERAO | STD II | I |
| 2 | TINA JIMISH KADAKIA | STD-IV | I |
| 3 | JISHA RUTVIK SHAH | STD-V | I |
| 4 | MANTHAN SCHIT KADAKIA | STD-IX | I |
| 5 | HEEYA SACHIN SHAH | MSSB GIRLS ( STD X ) | I |
| 6 | DISHITA PARAG KADAKIA | MSSB GIRLS ( STD X ) | II |
| 7 | JIHAN MILIND CHOKSI | MSSB BOYS ( STD X ) | I |
| 8 | VARCHASEE MAULIK KACHHIPATEL | MSSB BOYS ( STD X ) | II |
| 9 | HENISHA RAKSHIT GANDHI | IGCE GIRLS ( STD X ) | I |
| 10 | AAYUSHI AALOK MEHTA | ICSE GIRLS ( STD X ) | I |
| 11 | HARSHIL ILESH DESAI | ICSE BOYS ( STD X ) | I |
| 12 | VIHAAN NIPOOR PARIKH | ICSE BOYS ( STD X ) | II |
| 13 | DHEER NIRAV PARIKH | ICSE BOYS ( STD X ) | III |
| 14 | VENISHA BHAVESH KADAKIA | FYJC-COM GIRLS | I |
| 15 | SHREY SAURABH DESAI | FYJC-SCI BOYS | I |
| 16 | SHARTHAK SANDEEP DESAI | STD-XII ARTS | I |
| 17 | VIDHI SACHIN SHAH | STD-XII COMMERCE | I |
| 18 | DISHA HIMANSU MODI | B COM ( II SEM ) | I |
| 19 | RIDDHI NIRAJ SHAH | B COM ( II SEM ) | II |
| 20 | RIDHAM HITEN PARIKH | B COM ( II SEM ) | III |
| 21 | KASHISH JIGNESH PARIKH | B COM IV ( SEM ) | I |
| 22 | KHUSHBOO TEJAS SHAH | B COM IV ( SEM ) | II |
| 23 | TISHA NIMISH DESAI | B COM ( SEM VI ) | I |
| 24 | YASHVI SACHIN SHAH | B COM ( SEM VI ) | II |
| 25 | NESHA BALKRISHNA MODI | BMS ( IV SEM ) | I |
| 26 | DISHA HINAMSU MODI | IPCC GROUP ( II ) | I |
| 27 | HIYA SAMIR GANDHI | IST YEAR BDS | I |
| 28 | PRATITI DEVANG MODI | BE.TECH IN IT (SEM IV) | I |
| 29 | DWITI MILIND CHOKSI | BE AI & DT ( SEM V ) | I |


SIEMENS
Ingenuity for life
Tried. Tested. Trusted.
Widest range of Low Voltage Controls
and Power Distribution Products
Answers for Industry.
3RT Power Contactors
Thermal Overload Relays - 3RU
MCCB Sentron - 3VM
MPCB - 3VS
Betagard MCB - 5SL6
Betagard MCB - 5SL4
AUTHORISED DEALERS
INDIAN TRADE AGENCIES
151, Princess Street, Bhabha Bldg.,
Gr. Floor, Lohar Chawl, Mumbai 400002.
22083338 • 22030153
indiantradeagencies@hotmail.com

# ગીતામૃતમ્

- સતીશચંદ્ર ભી. પરીખ (રોકડીયા)

૧. સંશયથી સમાધાન તરફની યાત્રા એટલે ગીતા
વિષાદ થી પ્રસાદ તરફની યાત્રા એટલે ગીતા
ગીતા એટલે યાત્રા અશાંતિથી શાંતિ તરફની
અંધકારમાંથી પ્રકાશ તરફની યાત્રા એટલે ગીતા.

૨. ગીતા એટલે સંવાદ રથ અને સારથી વચ્ચેનો
ગીતા એટલે સંવાદ ગુરુ અને શિષ્ય વચ્ચેનો
બે સખા વચ્ચેનો સંવાદ કહેવાય ભગવદ્ ગીતા
ગીતા એટલે સંવાદ ભક્ત અને ભગવાન વચ્ચેનો.

૩ મહાભારતના બધા પાત્રો 'મારું-મારું'કહે
રામાણયના પાત્રો સઘળા 'તારું-તારું' કહે
'મારું' મારે ને 'તારું' તારે ને ભગવાનનું વધારે ભક્તિભાવ
ભાગવત કહે સૃષ્ટિમાં જે છે તે સઘળું ભગવાનનું છે.

૪. જન્મતાની સાથ જીવન મૃત્યુનું સ્થળ સમય નક્કી થાય
જન્મેલું મૃત્યુ નક્કી અને પુર્નજન્મ મૃત જીવનો થાય
નાશવંત દેહ કાજે પંડિતો કદી શોક ન કરે
અટલ ઘટના કાજ પણ શોક કરવો ઉચિત ના ગણાય.

૫. જીવ અને શિવ બંનેની યાત્રા અનંત છે
જીવ તે જાણે નહિ અને શિવ સઘળું જાણે છે
ખાલી હાથે આવીને ખાલી હાથે જીવ જાય નહિ
પ્રારબ્ધ લઈને આવે અને કર્મોનું ભાથુ લઈ જાય તે.

૬. ભગવદ્ ગીતાનો પ્રથમ અક્ષર 'ધર્મ' છે
અને અક્ષર તેનો છેલ્લો 'મર્મ' છે
આ જ સૂચવે કે માનવનો ધર્મ શું
સ્વધર્મની સાચી સમજ સાધકને ગીતા જ દે.

# દિકરી બાપના દિલની શાતા....



ક્યારેય તમે તમારી જાતને દુનિયાભરના તમામ દુઃખોથી ઘેરાયેલી મહેસુસ કરો ત્યારે તમારી દિકરી સાથે થોડો સમય દિલથી વિતાવજો. તેની સાથે દિલ ખોલીને વાત કરી લેજો. ત્યાં તમારા મનને હિમાલયથી પણ વધારે ઠંડક અને અનંત શાંતિ અનુભવવા મળશે. દિકરી તો મા-બાપનો શ્વાસ છે, જે લીધા વગર ચાલતું પણ નથી અને સમય આવ્યે છોડયા વગર પણ ચાલતું નથી. ઈશ્વરે દિકરી ઘડીને માત-પિતા ઉપર ઉપકાર કર્યો છે. દિકરીનો મા-બાપ પ્રત્યેનો પ્રેમ પ્રારંભથી લઈને અંત સુધી એક સરખો જ વહે છે. દીકરી જગતના કોઈપણ ખૂણે જશે, માતા-પિતાના હૃદયથી ક્યારેય દૂર જતી નથી. દિકરી સાથેની મા-બાપની વહાલની કડીઓ ક્યારેય ઢીલી પડતી નથી. દિકરી જ સચ્ચાઈ છે. દીકરો ક્યારેક ભ્રમ સાબિત થઈ શકે છે. કદાચ એટલા માટે જ આપણાં તત્ત્વચિંતકોએ દિકરીને બાપનું હૈયું કહી છે.... કલેજાનો ટુકડો ક્યો છે અને, એટલા માટે જ દિકરી સાસરે જાય છે ત્યારે મા-બાપની આંખોમાં આંસુ વહે છે...... નક્કી માનજો, દિકરી તો ગયા ભવમાં જેણે પુણ્ય કર્યા હોય તેને જ મળે છે.....

# Correction

## Shri Balasinor Navyuvak Sangh 75 th Annual Report

**Donors for the year 2024 - 25 The Event of 75 th Years of Sangh.**

Page 18, Sr. No. 2, Smt. Ashvinaben Ramanlal Kadakia wrongly mentioned. Please read as Shri. Avinashbhai Ramanlal Kadakia (Latkari) & Smt. Pravinaben Avinashbhai Kadakia Haste Namrata Rupin & Rupali Rajan - Rs. 25,00,000/-

**Kunal Dharia**
**+91 98209 22411**

**Asit Dharia**
**+91 98200 39305**

norisys®



Electrical switchgear designed for perfection from the pioneer of modular switches in India. Each day Norisys engineers work to bring about a combination of innovative designs and materials in order to create products that are best suited to meet users requirements.

**Authorised Distributors:**

DEEPAK ELECTRIC CORPORATION

156, Lohar Chawl, Mumbai - 400 002.
Tel. : 022 - 2206 6539 | 2206 4839 | 2206 6745
Talkfree : *7777 | *3177 | 8530981229
Email: norisysmumbai@gmail.com | deepaknw@gmail.com

**Pankil Dharia**
**+91 98200 44351**

**Nishith Dharia**
**+91 98200 89657**

*Official Distributor of*

Schneider Electric | SELEC® Creating Best Value

**SENTINEL ELECTRIC CO.**

Mumbai Branch : Lawyers Chamber, 24, R.C. Mama Path, Lohar Chawl, Mumbai - 400 002.
Telefax : 022 - 2206 3528 | 2205 3536 | 2208 5915 | 2203 0555
Talkfree : *7365 | *7366 | 96194 57730
Email: sentinel.mumbai@gmail.com | Website : **www.sentinelelectricco.com**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## અમૃત મહોત્સવ

### દાતાઓના સન્માન સહિત મ્યુઝિકલ ઓર્કેસ્ટ્રા
### આન-બાન-શાન થી સંઘ દ્વારા ઉજવાયેલા
### ૭૫ મા વર્ષની ઉજવણીનો યાદગાર અહેવાલ

કોયલ થઈને ટહુકે એ તો, મંજરી થઈને મ્હોરે,
ફૂલફૂલની ફોરમ થઈને શ્વાસ શ્વાસમાં ફોરે
બાંસુરીના બાલમ સોહે મોરપિચ્છને ધારી
શ્રીકૃષ્ણ વસંત વિહારી, મનમોહન મંગલકારી.

કેવો સુભગ સમન્વય !
પ્રયાગરાજનો પવિત્ર મહાકુંભમેળો, ગોચરના ગ્રહોની સર્વોત્તમ સ્થિતી

**સંઘનો, દાતાઓના આદર-સત્કાર-સન્માનનો બહુમૂલ્ય કાર્યક્રમ**
**શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૭૫ વર્ષની ઐતિહાસિક સફર !!!**
**યાદગાર સેવા-કાર્યોનો અમૂલ્ય સંપૂટ !!**
**અનેક સુમધુર પ્રસંગોનો રાજાશાહી ખજાનો !!!**

સમગ્ર કાર્યક્રમની પરિકલ્પના, ઘડતર, સજાવટ, પ્રસ્તુતીકરણમાં જેનો સિંહફાળો રહ્યો તે સર્વે એટલે શ્રી બાલાસિનોર નવયુવક સંઘના કાર્યકારી પ્રમુખ શ્રી જીગરભાઈ કડકીઆ, મંત્રી શ્રી અલ્પેશભાઈ ધારીઆ, સંઘના સર્વ હોદ્દેદારો, માનદ્ સભ્યો, સંઘની કમિટીના સર્વ સભ્યો.

આ અમૃત મહોત્સવને બહુમૂલ્ય બનાવનાર એટલે આ સમારોહના કર્તવ્યનિષ્ઠ શ્રી વ્રજેશભાઈ દેસાઈ, દીર્ઘદ્રષ્ટા





શ્રી યોગેશભાઈ ધારીઆ અને કુટુંબીજનો સાથે ઉપસ્થિત રહી સમારોહની આન-બાન-શાન વધારનાર ઉદારદિલ, કર્તવ્યપરાયણ, પ્રશંસનીય શ્રી પંકજભાઈ ધારીઆ.

રવિવાર, તા. ૧૬-૨-૨૦૨૫ ના પ્રભાતનું સૌંદર્ય અવર્ણનીય હતું. શ્રી બિરલા માતૃશ્રી સભાગૃહના પ્રાંગણમાં સંઘના કાર્યકારી પ્રમુખ શ્રી જીગરભાઈ કડકીઆ, મંત્રી શ્રી અલ્પેશભાઈ ધારીઆ, સર્વે હોદ્દેદારો આંગતુકોનું, અતિથી મહેમાનોનું હરખભેર સ્વાગત કરતાં હતાં. સભાગૃહનાં પ્રવેશદ્વાર પર શોભતી મનમોહક રંગોળી ધ્યાનાકર્ષક હતી. બાલાસિનોરની બહેનો શ્રીમતી મોનાલી કડકીઆ, શ્રીમતી ચિનાર ધારીઆ, શ્રીમતી અલ્પા મોદી, શ્રીમતી રચના શાહ, શ્રીમતી સંગીતા દેસાઈ, શ્રીમતી તનુજા શાહ દ્વારા કંડારેલી રંગોળી - કળા લાજવાબ હતી. શુભેચ્છાની આપ-લે સાથે દરેક જ્ઞાતિજનો સભાગૃહમાં પોતપોતાની જગ્યા પર ગોઠવાઈ ગયા હતાં.

સંઘના ૭૫મા વર્ષની ઉજવણી ભારતભૂમિનો જયકાર કરતાં રાષ્ટ્રગીતથી થઈ હતી.

સમારોહનો શુભારંભ મંગલાચરણથી કરવામાં આવ્યો હતો. સંઘની બહેનોના સુમધુર કંઠે મંગલાચરણની પ્રસ્તુતી કરવામાં આવી હતી. જેમાં શ્રીમતી તેજશ્રી પરીખ, શ્રીમતી તનુજા શાહ, શ્રીમતી રચના શાહ, શ્રીમતી મોનાલી કડકીઆ, શ્રીમતી નિમીષા કડકીઆ, શ્રીમતી અલ્પા મોદી, શ્રીમતી જસ્મીન ગાંધીએ સુંદર સાથ સહકાર આપી કંઠના કામણ રેલાવ્યા હતાં.

સભાગૃહમાં બિરાજમાન સર્વના હૃદયના ધબકારથી સંઘનું યૌવન થનથનાટ કરતું હતું. આ યુવાન સંઘના થનગનાટ સાથે તાલ મેળવવાની જાહેરાત થઈ હતી.

'આવો, આનંદ પલવરકરની ઓર્કેસ્ટ્રામાં ગુલતાન થઈ જાઓ.' એ સાથે ધમાકેદાર મ્યુઝિકલ ઓર્કેસ્ટ્રાની શરૂઆત થઈ. શ્રી આનંદ પલવરકર અને સાથીઓએ અનેરી રંગત જમાવી સૌને આનંદવિભોર કરી દીધા હતાં.

મ્યુઝિકલ ઓર્કેસ્ટ્રાના મધ્યાંતરમાં અમૃત મહોત્સવની ઉજવણી માટે મંચસજ્જા થઈ ગઈ હતી. આવકારદાયક જાહેરાત કાર્યક્રમના સંચાલક શ્રી બંકિમ પરીખે કરતાં સંઘના મહાનુભાવો સ્ટેજ પર ઉપસ્થિત થઈ બિરાજમાન થવા લાગ્યા હતાં. જેમાં મુખ્ય સંઘના કાર્યકારી પ્રમુખ શ્રી જીગરભાઈ કડકીઆ, મંત્રી શ્રી અલ્પેશભાઈ ધારીઆ, સહમંત્રી શ્રી નિકેશભાઈ ગાંધી તથા શ્રી તેજસભાઈ શાહ, ખજાનચી શ્રી જતીનભાઈ કોટિયા, એક્સ પ્રેસિડન્ટ શ્રી સૌમિલભાઈ મોદી, માનદ્ સભ્ય શ્રી યોગેશભાઈ ધારીઆ, શ્રી કલ્પેશભાઈ ધારીઆ, શ્રી દક્ષેશભાઈ કડકીઆ, તથા ૭૫ મા વર્ષની ઉજવણીના કમિટીના સભ્યો શ્રી વ્રજેશભાઈ દેસાઈ, શ્રી ઉર્વિશભાઈ મોદી, શ્રી પરેશભાઈ પરીખ, શ્રી નિમીષભાઈ કડકીઆ, શ્રી જતીનભાઈ દેસાઈ સ્ટેજ પર ઉપસ્થિત થતાં સમગ્ર સભાગૃહ રોમાંચિત થઈ ગયું હતું. સમારોહના મુખ્ય મહેમાન શ્રી પંકજભાઈ ધારીઆ તથા તેઓના ધર્મપત્ની શ્રીમતી દિપીકાબેન ધારીઆને સ્ટેજ પર લાવવા સંચાલક શ્રી બંકિમ પરીખ એ શ્રી પ્રશાંતભાઈ પરીખ તથા શ્રી કેતનભાઈ કડકીઆને વિનંતી કરી હતી. મુખ્ય મહેમાન શ્રી પંકજભાઈ પરીખ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી દિપીકાબેન ધારીઆ સ્ટેજ પર ઉપસ્થિત થતાં સમગ્ર

સભાગૃહ હર્ષોલ્લાસ અને તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠયો હતો. સ્ટેજ પર ઉપસ્થિત થયા બાદ મુખ્ય મહેમાન શ્રી પંકજભાઈ ધારીઆ, કાર્યકારી પ્રમુખ શ્રી જીગરભાઈ કડકીઆ, મંત્રી શ્રી અલ્પેશભાઈ ધારીઆ, માનદ્ સભ્યો શ્રી યોગેશભાઈ ધારીઆ, શ્રી દક્ષેશભાઈ કડકીઆ, શ્રી કલ્પેશભાઈ ધારીઆએ દિપ-પ્રાગટ્ય કરી વાતાવરણ પવિત્ર અને પ્રકાશમય કર્યું હતું.

મંત્રી શ્રી અલ્પેશભાઈ ધારીઆએ અંતઃકરણપૂર્વક શુભેચ્છાઓ પાઠવી સૌને આવકાર્યા હતાં. પ્રાસંગિક સ્વાગત પ્રવચન કર્યું હતું અને શ્રી બાલાસિનોર નવયુવક સંઘની પ્રગતિનો ઉલ્લેખ કરી ભવિષ્યના કાર્યક્રમોની જાણકારી પાઠવી હતી. અમૃત મહોત્સવના અધ્યક્ષ શ્રી યોગેશભાઈ ધારીઆએ તેમની લાક્ષણિક છટાથી સંઘની પ્રવૃત્તિનો પરિચય કરાવી સંઘની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

સમારોહના અતિથી-વિશેષ શ્રી પંકજભાઈ ધારીઆનો પરિચય શ્રી નિખીલભાઈ પરીખ (લાય) એ આપ્યો હતો. સંઘ દ્વારા મુખ્ય મહેમાન શ્રી પંકજભાઈ ધારીઆનું અભિવાદન મંત્રી શ્રી અલ્પેશભાઈ ધારીઆએ કર્યું હતું. કાર્યવાહક પ્રમુખ શ્રી જીગરભાઈ કડકડીઆ એ મુખ્ય મહેમાનનું મોમેન્ટો અર્પણ કરી શ્રી પંકજભાઈનું અભિવાદન કર્યું હતું. આ પ્રંસગે શ્રી નિખીલભાઈ પરીખે ઉદાર દિલના દાતા શ્રી પંકજભાઈના ઉમદા દાનની જાહેરાત કરી હતી. શ્રી પંકજભાઈએ અમૃત મહોત્સવની વધામણીમાં સંઘને રૂા. ૧૧,૦૦, ૦૦૦/- (રૂપિયા અગિયાર લાખ) નું માતબર દાન આપ્યું હતું. ઉદાર દિલના દાતા શ્રી પંકજભાઈ તથા તેમના પરિવાર હરહંમેશ શ્રી બાલાસિનોર નવયુવક સંઘની પ્રવૃત્તિઓને વેગ આપે છે. તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ એટલે તેઓ દ્વારા સંઘને અર્પણ કરાયેલી સ્કીમ

**MEDICAL RELIEF FOR DIAGNOSTIC EXPENSES**
**SPONSORED BY**
**SMT. DEEPIKABEN AND SHRI PANKAJBHAI KANTILAL DHARIA (LALKHA)**

મુખ્ય મહેમાનના ધર્મપત્ની શ્રીમતી દિપીકાબેન પંકજભાઈ ધારીઆનું ચોકલેટ બુકે આપી શ્રીમતી અર્પિતા જીગર કડકીઆએ બહુમાન કર્યું હતું.

અમૃત મહોત્સવના મુખ્ય મહેમાન શ્રી પંકજભાઈ ધારીઆ જ્યારે શુભેચ્છાના બે શબ્દ કહેવા ઊભા થયા ત્યારે શ્રી બાલાસિનોર નવયુવક સંઘના સર્વે હોદ્દેદારો, કમિટી સભ્યો, માનદ્ સભ્યો એકાગ્રચિત્ત થઈ ગયા હતાં. શ્રી પંકજભાઈએ સંઘની વર્તમાન કમિટી સહિત સર્વને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા, જેમણે સમાજ લક્ષી કાર્યો માટે સંઘની સ્થાપના કરી હતી. તેમજ વર્ષોવર્ષ એકનિષ્ઠ સેવા પ્રદાન કરનાર સૌને વધાવ્યા હતાં. સંઘની પરંપરા, કર્તવ્યપરાયણતા, અવિરત પ્રગતિ ઉચ્ચ લક્ષાંકને હાંસલ કરવાની તમન્ના જેવા સંઘના પ્રતિનિધીઓ તરફ સૌનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.



કાર્યકાર પ્રમુખ શ્રી જીગરભાઈ કડકીઆએ પોતાના વક્તવ્ય દ્વારા સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતાં. સંઘની સ્થાપનાનો સુવર્ણ ઈતિહાસ વર્ણવી, ૭૫ વર્ષ પહેલાં

વાવેલું બીજ આજે વટવૃક્ષ બનીને સૌને સુરક્ષા કવચ બક્ષે છે તેની પ્રતીતિ કરાવી હતી. આવનાર દિવસોમાં સંઘને પ્રગતિના પંથે લઈ જઈ સંઘની શતાબ્ધી ઉજવણીનું બીજ રોપ્યું હતું.

બાલાસિનોરવાસીઓની જીવનભર સેવા કરવા કટિબધ્ધ એવા ઋજુ હૃદયના શ્રીમતી સુશિલાબેન બાબુલાલ કડકીઆએ સંઘને બહુમૂલ્ય સ્કીમ પ્રદાન કરી છે.

## SMT. SHUSHILABEN BABULAL KADAKIA (VALLBHGHELA) ARTHIK PARIVAR SAHAY YOJNA

આ પ્રસંગે સંઘ દ્વારા કૃતજ્ઞતા પ્રગટ કરતાં તેમનું બહુમાન કર્યું હતું. શ્રીમતી ચિનાર ધારીઆ એ શ્રીમતી સુશિલાબેનનું અભિવાદન કર્યું હતું. તેમજ શ્રીમતી અર્પિતા કડકીઆએ મોમેન્ટો આપી તેમનું સત્કાર સન્માન કર્યું હતું.



વિદેશની ધરતી પર રહી જ્ઞાતિજનો માટે ઉત્તમ સેવા ભાવ રાખનાર ડૉ. નિકુંજભાઈ કાંતિલાલ પરીખને ધન્યવાદ. જેમણે HIP (નિતંબ) અને KNEE (ઘૂંટણ) ની તકલીફવાળા આપણાં ભાઈ-બહેનો પર ધ્યાનકેન્દ્રિત કરીને એક ઉત્તમ સ્કીમ (યોજના) પ્રદાન કરી છે.

## HIP & KNEE REPLACEMENT SURGERY (ARTHROPLASTY) RELIEF SPONSORED BY LATE SHANTABEN KANTILAL PAREKH (AHMEDABAD) HASTE - DR. NIKUNJBHAI KANTILAL PARIKH (USA)

ડૉ. નિકુંજભાઈ તરફ કૃતજ્ઞતા પ્રગટ કરતાં સંઘના મંત્રી શ્રી અલ્પેશભાઈ ધારીઆએ ડૉ. નિકુંજભાઈનું અભિવાદન કર્યું હતું. તેમજ આપણાં કાર્યકારી પ્રમુખ શ્રી જીગરભાઈ કડકીઆએ મોમેન્ટો અપર્ણ કરી બહુમાન કર્યું હતું.



શ્રી પ્રશાંત પરીખ તથા શ્રીમતી રચના શાહને વિનંતી કરતાં તેઓ ડૉ. નિકુંજ કાંતિલાલ પરીખ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી મીનાબેન નિકુંજ પરીખને સ્ટેજ પર માનભેર લાવ્યાં હતાં.

૭૫ વર્ષની ઉજવણીના રૂડા અવસરે સંઘ તરફથી એ



દાતાઓનું સન્માન પણ કરવામાં આવ્યું જેમણે સંઘની પ્રવૃત્તિઓને વેગ આપવા, સહયોગ આપવા રૂા. ૨,૫૦,૦૦૦/- (રૂપિયા બે લાખ પચાસ હજાર) થી વધારે દાન કર્યું હતું.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના સુવર્ણ ઈતિહાસમાં એક વધારે યાદગાર પૃષ્ઠનો ઉમેરો થયો હતો. અમૃત મહોત્સવ પ્રસંગે **સ્મરણિકા (સોવેનીયર)** મે. ક્રિષ્ના ટ્રેડીંગ કું ના શ્રી ધર્મેશભાઈએ તૈયાર કરી હતી. આ અવસરે પ્રિન્ટર શ્રી ધર્મેશભાઈ, સહ-સંયોજક શ્રી જતીનભાઈ દેસાઈ તથા શ્રી ઉર્વિશભાઈ મોદીએ સ્ટેજ પર ઉપસ્થિત મુખ્ય મહેમાન સહિત સૌને સોવિનીયર પ્રદાન કર્યા હતાં.

આ પ્રંસગે મુખ્ય મહેમાનના વરદ હસ્તે સ્મરણિકા (સોવેનીયર) નું વિમોચન કરવામાં આવ્યું હતું. વિમોચનના આ અવસરે કાર્યકારી પ્રમુખ શ્રી જીગરભાઈ કડકીઆ, મંત્રી શ્રી અલ્પેશભાઈ ધારીઆ તેમજ સમારોહના અધ્યક્ષ શ્રી યોગેશભાઈ ધારીઆ તેમજ શ્રી જતીનભાઈ દેસાઈ ઉપસ્થિત રહી અનુમોદન પ્રગટ કર્યું હતું.

## વસ્તી પત્રક સ્કીમ

## શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી)

ના નેજા હેઠળ પુસ્તકરૂપે પ્રગટ કરી સર્વને આપવામાં આવતું હતું. ત્યારબાદ સંસ્થાની નવિનતમ્ સુંદર યોજના એટલે **E-વસ્તી પત્રક ના દાતા શ્રી અક્ષયભાઈ બખલીની સ્પોન્સરશિપ** હેઠળ આ યોજના આકાર લઈ રહી છે. આ E-વસ્તી પત્રકની જાહેરાત મંત્રી શ્રી અલ્પેશભાઈ ધારીઆએ આ યોજનાના સંયોજક શ્રી ઉર્મિલભાઈ કડકીઆ તથા શ્રી દર્શનભાઈ પરીખની સાથે દાતા શ્રી અક્ષયભાઈ પરીખનું અભિવાદન કરી સમજાવી હતી. ત્યારબાદ દાતાશ્રી શ્રી અક્ષયભાઈ પરીખ દ્વારા E-વસ્તી પત્રકનું વિમોચન કરવામાં આવ્યું હતું.





આ પ્રસંગે સંઘના સહમંત્રી શ્રી તેજશભાઈ શાહ એ બિરલા માતૃશ્રી સભાગૃહના શ્રી જયેશભાઈ શાહનું બહુમાન કર્યું હતું.

સંઘના ખજાનચી શ્રી જતીનભાઈ કોટિઆએ મ્યુઝિકલ ઓર્કેસ્ટ્રાના શ્રી આનંદ પલવરકરને બુકે અર્પણ કરી અભિવાદન કર્યું હતું.

બાલાસિનોરના ઈતિહાસમાં અજોડ એવા આ કાર્યક્રમના પ્રસન્નચિત સંયોજક શ્રી વ્રજેશભાઈ દેસાઈ એ ભાવપૂર્ણ વક્તવ્ય પ્રસ્તુત કર્યું હતું.

અંતમાં સહમંત્રી શ્રી નિકેશભાઈ ગાંધીએ હૃદયપૂર્વક આભારવિધી કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

શ્રી બિરલા માતૃશ્રી સભાગૃહમાં મ્યુઝિકલ ઓર્કેસ્ટ્રા કાર્યક્રમનો આનંદ માણી સુંદરાબાઈ હોલમાં ભોજનનો અનેરો આનંદ લીધો હતો. ભોજન લીધા પછી અમૃત મહોત્વસ પ્રસંગે જે સ્મરણિકા (સોવેનીયર) પ્રગટ કરવામાં આવી હતી તે ભેટ તરીકે દરેક જ્ઞાતિજનને આપવામાં આવી હતી.

હૃદયથી છલોછલ સૌ જ્ઞાતિજનો, આમંત્રિત મહેમાનો, સર્વે મહાનુભાવો એકબીજાને અભિનંદન પાઠવી, જે જે  શ્રી ગોકુલેશના સ્મરણ સાથે સૌ છૂટા પડયા હતાં.














SHREE BALASINOR
Shri Pankajbhai
Secretary
Alpesh Dharta
Acting President
Jigar Kadakia
Yogesh Dharia

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## આવો, સંઘની વિવિધ યોજનાનો અવશ્ય લાભ લો.

### શ્રી અવિનાશભાઈ રમણલાલ કડકીઆ (લટકારી) અને શ્રીમતી પ્રવિણાબેન અવિનાશભાઈ કડકીઆ સ્પોન્સર

## FOUNDATION FOR HEART CARE





માનવ જીવનનું અગત્યનું અંગ એટલે હૃદય. હૃદયની સાર-સંભાળ, સ્વસ્થતા, તંદુરસ્તી જાળવવા સંઘની ઉપરોક્ત યોજનાનો લાભ લેવા સૌને નમ્ર

---

તમારા તન-મનની તંદુરસ્તી દ્વારા તમારું જીવન પ્રગતિમય બને
એવો એકમાત્ર અમારો સચોટ ઉદ્દેશ છે.
તુરંત નિર્ણય લો, અને શારીરિક વ્યાધિમાંથી મુક્ત થાઓ.

## HIP & KNEE REPLACEMENT SURGERY (ARTHROPLASTY) RELIEF

SPONSORED BY

**LATE SHANATABEN KANTILAL PAREKH (AHMEDABAD)**

કોઈપણ વૃક્ષની નજાકતતા, સુંદરતા તેના થડના આધારે હોય છે.
